INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૬–૮–૨૦૨૪**

ટૂ વ્હીલર ના વાહન વિક્રેતા ( ડીમ્ડ આરટીઓ ) દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન પેમેન્ટ માં આરટીઓ ના ખામી યુક્ત સર્વર ને લીધે થતાં અસહ્ય આર્થિક નુકશાન અંગે તાત્કાલીક ઉકેલ લાવવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર ની નીતિ અન્વયે ટૂ વ્હીલર ના વાહનો ના વિક્રેતા ઓં ને ડીમ્ડ આરટીઓ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલ હોવાથી ડીલર્સો દ્વારા વેચાણ કરવામાં આવતા ટૂ વ્હીલર વાહનો ના આરટીઓ રજિસ્ટ્રેશન ને લગતી આનુંષાંગિક કાર્યવાહી ના ભાગરૂપે આરટીઓ ના ઓનલાઇન પોર્ટલ માં રજિસ્ટ્રેશન ફી અને અન્ય આનુંષાંગિક રકમ ઓનલાઇન જમા કરાવવી પડે છે.

આરટીઓ ના ઓનલાઇન પેમેન્ટ ના ખામીયુક્ત સર્વર ને કારણે ડીલર્સોના ખાતા માં થી બાદ થઇ ગયેલ નાણાં ની પરત ચુકવણી (રિફંડ) પણ કરવામાં આવતી નથી. મૌખિક જાણવા મળ્યું છે કે આવા 12000 (બાર હજાર) ઉપરાંત પેમેન્ટના રીફન્ડ આપવાના બાકી નીકળે છે તેવા લાખો / કરોડો ના રૂપિયા નું પરત ચુકવણી (રિફંડ) ઘણા લાંબા સમય થી થતાં નથી અને તેની કોઇ મક્કમ યોજના કે નિર્ધારિત ઇલેક્ટ્રોનિક ઓટો જનરેટ માધ્યમ ની ગાઇડલાઇન કરવામાં આવેલ જ નથી. જેથી અનેક વિક્રેતા ઓં ના ખાતા માં થી બાદ થઇ ગયેલી ફી એક જ ગેટવે (ઇલેક્ટ્રોનિક બૅન્કિંગ ) થી જ.વાહન પોર્ટલ ઉપર પેમેન્ટ નું વ્યવહાર થાય છે તો પરત કરવા માટે પણ એજ ગેટવે અને એજ ખાતેદાર ( નિર્ધારિત ઇલેક્ટ્રોનિક બૅન્કિંગ ઓટો જનરેટ) હોવો જોઇએ.

ગુજરાત માં બીજા બધા ખાતાઓ માં થી જેતે પેમેન્ટ કર્યા ના ગેટવે નું પેમેન્ટ ફેલ થતાં એને ડુપ્લિકેટ ગણી પેમેન્ટ પરત કરવામાં આવે છે તે જ વ્યવસ્થા સાચી અને પદ્ધતિસર ની છે. જેના ગ્રાહકને ન્યાય મળે.

જે રીતે કોઇપણ બૅંક પોર્ટલ માં ગ્રાહક ની રકમ ખોટી રીતે જમા થતાં તેની ત્વરિત પરત ચુકવણી થઇ જાય છે તો ઓનલાઇન પેમેન્ટ ના પોર્ટલ ની અસહ્ય અને અક્ષમ્ય ખામી ને ધ્યાને લઇને તેવી ટેક્નિકલ વ્યવસ્થા કરી જલદી યોગ્ય કાર્યવાહી કરી વાહન - 4 પોર્ટલ માટે NIC - MORTH ને જોડે રાખી કરશો.

ઓફલાઇન પેમેન્ટ ની વૈકલ્પિક વ્યવસ્થા એ સંપૂર્ણ ખામીયુક્ત છે અને તેમા ભ્રસ્ટ્રાચારની સંપૂર્ણ સંભાવના રહેલી છે જે તાત્કાલિક અસર થી દૂર કરવી જોઇએ.

( ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા